# ABSTRACT

| | |
|---|---|
| વિદ્યાર્થીનું નામ - | બાલુભાઈ હરિભાઈ પરમાર |
| કોર્સનું નામ - | પીએચ. ડી. ગુજરાતી |
| વર્ષ - | ૨૦૨૦-૨૧ |
| શીર્ષક - | ગુજરાતી બાળકવિતાની ભાષા ; એક અભ્યાસ |
| માર્ગદર્શકનું નામ - | ડૉ. પ્રશાંત પટેલ |

પ્રસ્તુત સંશોધનનો ઉદ્દેશ ગુજરાતી બાળકવિતાની ભાષાને તપાસવાનો રહ્યો છે. બાળકવિતાને તપાસવા માટે દરેક યુગમાંથી કવિઓ પસંદ કરવામાં આવ્યા અને તેમની કવિતાઓને ભાષાના દ્રષ્ટિકોણથી તપાસવામાં આવી. કવિતામાં આવતા શબ્દો બાળવયને અનુરૂપ છે કે કેમ?તેની પ્રસ્તુતિ માટે કેવા પ્રકારની શૈલી-રીત્તિ પ્રયોજવામાં આવી? તેની પદાવલી કેવી છે ? લય , કલ્પન, પ્રતીક ,પ્રાસયોજના, અલંકારો વગેરે બાળકવિતામાં શી રીતે પ્રયોજાયાં તેની તપાસ પ્રસ્તુત સંશોધન નિમિત્તે કરવામાં આવી.

પ્રસ્તુત સંશોધન દ્વારા આખા કાળખંડનો આલેખ મળે તે માટે દરેક યુગમાંથી સર્જક પસંદ કરવામાં આવ્યા. અને દરેક યુગમાં બાળકવિતાની ભાષા કઈ રીતે બદલાતી ચાલી તેની પણ તપાસ કરવામાં આવી. સુધારકયુગ, પંડિતયુગ, ગાંધીયુગ- અનુગાંધીયુગ, આધુનિકયુગ- અનુઆધુનિકયુગ વગેરે યુગમાં ગુજરાતી બાળકવિતાની ભાષા કેવી રહી તે તપાસ કરવામાં આવી. તો બાળકવિતાનો ઉદ્ભવ-વિકાસ, તેનું સ્વરૂપ, લક્ષણોની વાત પણ સંશોધન નિમિત્તે કરવામાં આવી છે.